સુરતના મહેરબાન ૧૭ એડી. ચીફ જયુડી.મેજી.(જે.પી.પ્રજાપતિ )સાહેબની કોર્ટમાં,સુરત

ફોજદારી કેસ નં. ૪૩૬૭૯/૨૦૧૫

આંક–

ફરીયાદી : શ્રી સરકાર.

વિરૂધ્ધ

આરોપી : મનોજકુમાર ઉર્ફે રાજકુમાર મેવાલાલ મંદીયાની

રહેઃ બી ૬૦૧, નંદીગ્રામ એપાર્ટમેન્ટ, ઘોડદોડરોડ, સુરત.

**ગુનો:ઈ.પી.કો.ક.૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટ ક. ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબ**

(૧) ફરીયાદ ની ટુકી વિગત એવી છે કે ગઈ તા. ૨૧/૦૬/૨૦૧૫ ના રોજ બપોર ના સુમારે પોતાના કબજાનુ હ્યુન્ડાઇ કાર વાહન નં. GJ-05-8022 ને પુરઝઢપે બેદરકારી અને ગલફતભરી રીતે હંકારી લાવી ફરીયાદી ના દિકરા ની મોટરસાઈકલ ને ટકકર મારી સાહેદ ને શરીર ઉપર નાની મોટી સાદા પ્રકાર ની ઈજા કરવા બાબતે કાયદેસર થવા ફરીયાદીએ ફરીયાદ આપેલી.

(૨) સદર કામે તપાસ પુર્ણ થયે ત.ક.શ્રીનાઓએ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ અને તેમાં આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થયેલ અને તેઓ નુ નિવેદન નોંધવા માં આવેલ જેમાં તેઓએ ગુનાનો ઈનકાર કરતાં સદર કામ ફરીયાદી ના પુરાવા ઉપર રાખવા માં આવેલ. ત્યારબાદ ફરીયાદી નો પ્રોસેસ કરતા તે બજી ગયેલ પરંતુ ફરીયાદી હાજર રહેલ નહી. ત્યારબાદ સદર ગુન્હો કબુલ કરવા ની પુરસીસ આપેલી જેથી આરોપીને પ્લી રેકર્ડ કરવામાં આવેલી. અને સદર પ્લી રેકર્ડ કરતા અગાઉ આરોપીને સમજાવવામાં આવેલ કે તે કબુલાત કરવા બંધાયેલ નથી. તેમ છતાં તે કબુલાત કરવા માંગે છે.નામદાર Kerala High Court એ Santhosh vs State Of Kerala { 2003 (1) KLT 795} માં ઠરાવેલ છે કે, આરોપી ના ઓ ગુનાની કબુલાત ટ્રાયલ ના કોઈપણ તબકકે કરી શકે છે. સદર ગુન્હો ઈ.પી.કો. ક. ૨૭૯, ૩૩૭ એમ.વી.એ.૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો નોંધાયેલ છે તેમજ આજરોજ ની લોકઅદાલતમા રાખવામા આવેલ છે તેમજ આજરોજ સ્પેશીયલ શીંટીગમાં કબુલાત અંગેની પણ સતા મળેલ હોય ન્યાયનાહિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આરોપીની ક્રિ.પો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો.ક.૨૭૯,૩૩૭ તથા એમ.વી.એકટ ક.૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબના ગુના માટે તકસીરવારન ઠરાવી કોર્ટ ઉઠતા સુધી ની સજા અને રૂા. ૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)નો દંડ, જો દંડની રકમ ન ભરે તો દિન–૨ ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો. કોડની કલમ–૪૩૭–એ મુજબ આરોપીના જામીન અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવા.

હુકમ આજરોજ તારીખ **૧૩** મી માહે **મે** સને **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારા સહી–સિકકા કરી જાહેર કર્યો.

**(જીતેન્દ્રકુમાર પ્રભુદાસ પ્રજાપતિ)**

૧૭ મા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સુરત.

JUDGE CODE NO.GJ01121